# પારેવાં

એટલી ઈમારત બાંધુ માજમ રાતમાં,
સવાર ન હોય એકેય મારા હાથમાં;

મારા મોંઘા મનના મહેલ મનોહર સુંદર કેવાં !
અજવાળાં – પત્થર ઘા – ઊડે – પારેવાં !

આવો, આવો ઓ પારેવાં, અંતરનો આદર આપું !
મારા ખુલ્લા અંતર-દ્વાર, મોંઘા મંન મંદિર થાપું ;

કરગરતાં મહામહેનતે આવે એ પા રે વાં ,
બંધાતા'તા મહેલ, આપે એ આપે એવાં !

કોઈ સમે બને કૈં એવું , પારેવાં જ રિસાય,
બાંધેલા જે મનના મહેલો , અંધારે અટવાય.

અનુભવે મન અફસોસ એવો, અંતર-રંગ- વિલાય,
મનની મૂડી મન- સાગરમાં, મન - તટ ડૂબી જાય.

ડૂબકી માર્યે તાગ ન આવે, મન મારું મુંઝાય;
મોજીલું મન માતંગ જેવું, મંદિરા વિફરી મલકાય.

કવી: શ્રી પુ. હ. ભોજાણી.



# अेक गुलाबकी सुगंध

ऐ मेरे हमसफर तुजे क्या बताउं औ क्या न बताउं ! कुछ अजीबसा लगता है, तुजे प्यार हुआ कितने ही पतंगे मेरे पास आते थे और जाते है, ना जाने कितने ही आने वाले है पर लेकिन एक तूने ही मुजे वशमे कर कीया और मै भी जैसे तेरे बीना जी नहि सकती. ऐसा लगता है जब तु पास होता है तो सारे जहांको भूल जाता हुं, बस ऐसा लगता है जैसे तूं और मैं..कोइ... मैं और तूम हम दोनोके सीवा और इस दुनियामें कोइ नहि है, पर जब तु मुजसे दुर जाता है तब ऐसा लगता है मै बीना कुछ जी रहा हूं! जैसे मुजसे कोइ कुछ ले गया और कुछ दे गया. भला ऐसा क्युं? औसा सोचता हुं— पर, कुछ समजमें नहि आता!

कुछ होगा और कुछ नहि होगा, ये सोचकर, ये सोचता हूं पर बस ऐसा लगता है ये जींदगी चली जाये प्यारमें तो क्या हुआ ! तूमको हमारे पर जो भी हो वो तो हम नहि जानता लेकिन हमको तुम्हारे पर नाज है कि तूम हमारे ही हो. तूमको हमारे पाससे कभि कोइं नहि छीन सकेगा, है न सच ?



શ્રીમતી શકુંતલા હિંડોચા

# સુભાષિતો

હું કરું, હું કરું એજ અજ્ઞાનતા,
શંકટનો ભાર કેમ શ્વાન જ તાણે;

આવ નહિં, આદર નહીં, નહીં નયનોના નેહ,
તે ઘર કદી ન જોઈએ, કંચન વરસે મેહ.

તુલસી પંછિનકે પીએ, ઘટે ન સરિતાનીર
ધરમ કરે ધન ના ઘટે, સહાય કરે રઘુવીર,

તુલસી હાય ગરીબકી, કભી ના ખાલી જાય,
મુએ ઢોર કે ચામસ, લોહા ભસ્મ હો જાય;

તુલસી રેખા કર્મકી, લલાટપે લિખ દીન,
પુર્વ જન્મ પુન્યપાપક, અખિલ જગત આધીન;

કામ, ક્રોધ, મદ, લોભકી, જબ લગ મનમેં ખાન,
કહા પંડિત, મુરખ કહા, સબકો એક સમાન;

બુધ્ધિમેં આવત નહિં કાલકી અટપટ રીત,
જો જાને રીત કાલકી છૂટે કરમસે પ્રીત;

કાળો કેવળ કોયલો બહુ દૂધે ધોવાય,
કેસરમાં રસબસ રહે તો પણ શ્વેત ન થાય;

મુશળધારના મેઘથી રાત દિવસ ભિંજાય,
કાળો પાંણો કોઈ દીન તેપણ નરમ ન થાય;

કબીર કહે કમલાકું, દો બાતાં શીખ લે,
સબસે હીલમીલ ચલીએ, નદી, નાવ, સંજોગ.

—લિખનાર કુ. જ્યોતિ ધોરાજીવાલા.